રજૂ તારીખ : ૨૩ / ૦૪ / ૨૦૧૫
દાખલ તારીખ : ૨૩ / ૦૪ / ૨૦૧૫
જજમેન્ટ તારીખ : ૨૩/ ૧૦/ ૨૦૧૮
અ વ ધિ : વર્ષ માસ દિવસ

**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, નેગો.ઈ.એકટની કોર્ટ નં. ૩૨, અમદાવાદમાં**

**ફોજદારી કેસ નં. : ૩૨૦૦૬૮૩ / ૨૦૧૫**
**આંક : ૨૪**

**મેસર્સ ક્રીસન્ટ ઈલેકટ્રોનીકસ પ્રા.લી. વતી**
ઉદૃયન એચ. શાહ ( મેનેજીંગ ડાયરેકટર )
ઉ.વ.આ. પુખ્ત, વેપાર : ધંધો,
ઠેકાણું. ક્રિસન્ટ હાઉસ, નવરંગપુરા પોસ્ટ
ઓફીસની પાછળ,
અમદાવાદ–૦૯. ::::: **ફરિયાદી**

**–: વિરૂધ્ધ :–**

**સ્વપનીલ ભરતભાઈ શાહ**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો : વેપાર,
રહે. ૧૧, ગોકુલ સોસાયટી, શ્યામલ
રો હાઉસ પાસે, સેટેલાઈટ,
અમદાવાદ – ૧૫ ::::: **આરોપી**

**વિષય : ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ**

---

**ફરીયાદપક્ષે વિધ્વાન વ. શ્રી સુધીર કે. ગુપ્તા**

**આરોપીપક્ષે વિધ્વાન વ. શ્રી એમ.બી. સોલંકી**

---

## // ચૂ કા દો //

(૧).. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, મેસર્સ ક્રિસન્ટ ઈલેકટ્રોનીકસ પ્રાઈવેટ લીમીટેડ એક પ્રાઈવેટ કંપની છે જે કંપની એકટ હેઠળ રજીસ્ટરર્ડ થયેલ છે. સદરહું કંપની કોમ્પ્યુટર સીસ્ટમ, નેટવર્કીગ પ્રોડકટસ, સોફટવેર તથા ઓટોમેશન સીસ્ટર વિગેરેના વેચાણનું કામ કરે છે સદરહું કંપની મેસર્સ એપલ ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ કંપનીના ઓથોરાઈઝડ રી–સેલર છે તથા તેની પ્રોડકટ મેક બુક, આઈ–મેક, આઈ–પેડ વિગેરેનું વેચાણનુ કામકાજ કરે છે અને હાલની ફરીયાદ મેસર્સ ક્રિસન્ટ ઈલે. ના મેનેજીંગ ડીરેકટરની હેસીયતથી આ કામના આરોપી વિરુધ્ધ દાખલ કરેલ છે. આ કામના તહોમતદાર સ્વપનીલ ભરતભાઈ શાહ તે ફરીયાદી કંપની પાસેથી એપલ કંપનીના આઈ–પેડ તથા અન્ય પ્રોડકટસ રી સેલ કરવા માટે ખરીદ કરતા હતા અને તે અંગેનુ કોમ્પ્યુટરાઈઝડ રનીંગ એકાઉન્ટસ કંપનીમાં મેઈનટેન કરવામાં આવતુ હતું. આ કામના તહોમતદારના ઓર્ડર મુજબનો માલ ફરીયાદી કંપની ધ્વારા સમયે સમયે આપવામાં આવતો હતો અને તેના બીલ નિયમીત બનાવવામાં આવતા હતા જે તહોમતદાર જોઈ ચકાસી સ્વીકારી લેતા હતા જે બીલોની મોટી રકમની વસુલ આ કામના તહોમતદાર પાસે ફરીયાદી કંપનીને કરવાની નીકળે છે તે મુજબ તા. ૨૮–૨–૨૦૧૫ સુધીના હિસાબ મુજબ રૂપિયા : ૫૯,૩૬,૪૬૬/– બાકી લેણા પેટે ફરીયાદી કંપનીના આરોપી પાસેથી નીકળે છે તે હિસાબ આરોપીએ ચકાસણી કરી કબુલ રાખેલ. અને તેની કાયદેસરની ચૂકવણી પેટે ફરીયાદ મુજબનો ચેક નં. ૦૦૦૦૫૩, તા. ૧૯–૩–૨૦૧૫, રકમ રૂા. ૨૬,૫૦,૦૦૦/– તથા ચેક નં. ૦૦૦૦૫૪, તા. ૨૦–૩–૨૦૧૫નો તેટલી જ રકમનો બેંક ઓફ બરોડા દુધેશ્વર શાખા, અમદાવાદનો આપેલ જે ચેક બેન્કમાં ભરતા સ્વીકારાઈ જશે અને ચેકના નાણાં મળી જશે તેવો તહોમતદારે ફરીયાદીને ભરોસો આપેલ જેથી ફરીયાદીએ ઉપરોકત બંને ચેકો તેમની ખાતાવાળી બેન્કમાં ભરતા સદરહું તેમાંથી ચેક નં. ૦૦૦૦૫૪, તા. ૨૦–૩–૨૦૧૫ '' ફંડ ઈનસફીશીયન્ટ '' ના શેરા સાથે સ્વીકારાયા વગર તારીખ :– ૨૬–૩–૨૦૧૫ ના રોજ પરત ફરેલ અને ત્યારબાદ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફત કાયદેસરની નોટીસ તહોમતદારને આપેલ જે નોટીસ તા. ૨૭–૩–૨૦૧૫ના રોજ રજી.પો.એ.ડી.થી આરોપીના સાચા અને ખરા સરનામે મોકલાવેલ જે રજી.એ.ડી. વાળી નોટીસ તા. ૩૦–૩–૨૦૧૫ ના રોજ બજી ગયેલ. જે નોટીસનો આરોપીએ કોઈ જવાબ આપેલ નહીં અને તેમ કરી ફરીયાદીની કાયદેસરની હાથઉછીની લીધેલ રકમ અંગે તેઓએ આપેલ નોટીસ મુજબનુ વર્તન ન કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮(બી) હેઠળની કલમનો ગુનો આચરેલ હોય હાલની

ફરીયાદ તહોમતદાર વિરુધ્ધ દાખલ થયેલ છે. આ ફરીયાદ સિવાય આરોપી સામે ચેક નં. ૦૦૦૦૫૩ અને ચેક નં. ૦૦૦૦૫૪ એમ બે અન્ય અલગ અલગ ફરીયાદો આ કામના આરોપી સામે ફરીયાદીએ દાખલ કરેલ છે.

(૨).. ફરીયાદીએ ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકત વાળી, ફરીયાદ રજુ કરતાં તત્કાલીન મેજીસ્ટ્રેટશ્રી દવારા ફરીયાદી નું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૦ અન્વયેનું સોગંદ ઉપર વેરીફીકેશન નોંધી, ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે, આરોપી વિરૂધ્ધ ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮,૧૪૨ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩).. સદરહુ ફરીયાદનુ રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, સદરહુ ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ મુજબ, તત્કાલીન મેજીસ્ટ્રેટશ્રીએ બંને પક્ષકારોના વિ.વ.શ્રી દવારા રજુ થયેલ **આંક–૦૧** ની અરજી ઉપર હુકમ કરી સદરહુ ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ ફરીયાદ સમન્સ ટ્રાયેબલ તરીકે ચલાવવાનો હુકમ કરી, તત્કાલીન મેજીસ્ટ્રેટશ્રી દવારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ **આંક–૮** થી આરોપીનો જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદનું કામ, ફરીયાદ પક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૪).. આરોપી સામેના ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે, નિચે મુજબનો વિગતવાર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| **અ.નં.** | **મૌખિક પુરાવો** | **આંક** |
|---|---|---|
| **૧.** | ફરિયાદીનું સરતપાસનુ સોગંદનામું. | ૦૪ |
| **અ.નં.** | **દસ્તાવેજી પુરાવો** | **આંક** |

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ દાખલ કરવા અંગેનો ફરીયાદી કંપનોનો ઠરાવ | ૦૯ |
| ૨. | આરોપીના ખાતાની રનીંગ કોમ્પ્યુટરાઈઝડ એકાઉન્ટ સ્ટેટમેન્ટ | ૧૦ |
| ૩. | અસલ તકરારી ચેક નં. ૦૦૦૦૫૪ | ૧૧ |
| ૪. | રીટર્ન મેમો | ૧૨ |
| ૫. | લીગલ નોટીસ | ૧૩ |
| ૬. | રજી.એ.ડી.ની સફેદ પાવતી | ૧૪ |
| ૭. | આરોપીને નોટીસ બજી ગયેલાની એકનોલેજમેન્ટ | ૧૫ |

૫. સદરહુ ફરીયાદના કામનું રેકર્ડ તથા રોજકામ ઘ્યાને લેતા ફરીયાદી તરફે પુરાવો પુરો થયા અંગેની પુરસીસ રજુ થતાં, સદરહુ ફરીયાદનું કામ આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદન ઉપર મુકવામાં આવેલ અને આરોપીનું વિશેષ નિવેદન નોંધેલ અને તેમાં આરોપીએ પોતાના જવાબમાં જણાવેલ છે કે, ફરીયાદીનો પુરાવો તેમની હાજરીમાં વાંચી સંભળાવી સમજાવી લેવામાં આવેલ છે. વઘુમાં અન્ય પ્રશ્નોના જવાબમાં જણાવે છે કે, ફરીયાદીના જણાવ્યા મુજબનુ કોઈ લેણુ અમારી પાસે લેવાનુ નીકળતુ નથી, આંક–૯ વાળા ઠરાવ બાબતે અમને માહિતી નથી, આંક–૧૦ વાળુ રનીંગ કોમ્પ્યુટરાઈઝડ એકાઉન્ટ ખોટુ છે, આંક–૧૧ વાળો સીકયોરીટી પેટે આપેલ ચેકનો દુરુપયોગ કરેલો છે, અન્ય ચેકો ભરીને બીજી ફરીયાદ પણ કરેલી છે. આંક–૧ ૨વાળો સીકયુરીટી પેટે આપેલ ચેકનો રીર્ટન મેમો છે. આંક–૧૩ વાળી નોટીસ ખોટી આપેલ છે, આંક–૧૩ વાળી નોટીસ મળેલ છે, તથા સોગંદ ઉપર જુબાની આપવા '' હા '' કહેલ છે અને બચાવના સાહેદ તપાસવા ''હા'' કહેલ છે. વિશેષમાં જણાવેલ છે કે ફરીયાદી સાથે આરોપી જે માલ ખરીદે તેમાં આરોપીને પાંચ ટકા કમીશન આપવાનુ મૌખિક નકકી થયેલુ તેનો હિસાબ કરેલ નથી. ફકત એક વખત કમીશનના રૂા. ૧ લાખ ૫૦ હજાર આપેલ છે અને અમે જે માલ ખરીદેલ નથી તે અમારા નામે ચઢાવેલો છે અને સીકયુરીટી પેટે આપેલ ચેકોનો દુરુપયોગ કરેલ છે. વળી આ કામના ફરીયાદીએ હિસાબ કરવાના ઓથા હેઠળ અમો આરોપી પાસે ફરીયાદ થયા બાદ દબાણપૂર્વક કુલ રૂા. ૩૪ લાખ ૪૫ હજાર પૂરા મેળવેલ છે તેમ છતાં હિસાબ ન કરી ન્યાયીક પ્રક્રિયાનો દુરુપયોગ કરેલ છે. ત્યારબાદ આરોપીએ આંક–૧૭થી પુરાવા લીસ્ટ રજૂ કરેલ છે જેમાં આંક–૧૮ થી સ્પાઈસજેટ તથા જેટ એરવેઝની એર ટીકીટની પ્રિન્ટ, આંક–૧૯ થી કલબ મહેન્દ્રા રીસોર્ટના સ્ટેઈંગ શીડયુઅલની પ્રિન્ટ, તથા આંક–૨૦થી ફરીયાદીને આપેલ નોટીસનો જવાબ તથા નોટીસની કોપી , આંક–૨૧થી

નોટીસનો જવાબ રજી.એ.ડી. કરેલ તેની સ્લીપ, આંક–રર થી ફરીયાદીને નોટીસનો જવાબ મળી ગયો તેની એકનોલેમજેન્ટ રજૂ કરેલ છે. આરોપી તરફે ત્યારબાદ કોઈ વધુ પુરાવો રજૂ થયેલ ન હોઈ આ કામ બંને પક્ષોની દલીલો ઉપર રાખવામાં આવેલ.

ત્યારબાદ, ફરીયાદી મૌખિક દલીલો રજૂ કરી દલીલ કરેલ છે કે આ કામે આરોપી અને ફરીયાદી વચ્ચે ધંધાકીય સંબંધ થયેલ, આરોપીનુ એકાઉન્ટ ખાતુ ફરીયાદી કંપનીમાં હતુ. જે માલ મોકલેલ તેના ડીલેવરી આરોપીને મળી ગયેલ છે તે રીતે ફરીયાદ મુજબ આરોપી પાસેથી ફરીયાદીને કાયદેસરનુ લેણુ બાકી નીકળતુ હતુ જેના ચૂકવણા પેટે તકરારી ચેકો ફરીયાદીને આરોપીએ સહી કરીને આપેલ હતા જે બેન્કમાં ભરતા પરત ફરેલા અને લીગલ નોટીસ ઈસ્યુ થયેલ હોવા છતાં કાયદેસરની લેણી રકમ ચૂકવી આપેલ ન હોઈ , ઉલટાનુ નોટીસનો ખોટો જવાબ આપેલ હાલની ફરીયાદ સહિત અન્ય બે ફરીયાદો આરોપી વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદીએ દલીલ કરેલ છે કે જો આરોપીનો ચેક અગાઉથી ફરીયાદી પાસે સીકયોરીટી પેટે જમા હતો અને તેનો દુરુપયોગ કરી આ ફરીયાદ કરેલ છે તેવુ જણાવતા હોય તો આરોપીએ અગાઉ કોઈ નોટીસ ઈસ્યુ કરી તેવા ચેકની પરત માંગણી કરેલ હોય તેવો કોઈ પુરાવો રજૂ કરેલ નથી. આમ આરોપીએ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ ચુકવી આપેલ ન હોય જેથી હાલની ફરીયાદ નેગો.ઈ.એકટની કલમ ૧૩૮ હેઠળની આરોપી વિરુધ્ધ દાખલ કરેલ છે.

આરોપીએ ફોજદારી કેસ નં. ૬૮૨/૨૦૧૫ ના કામે જે લેખિત દલીલો રજૂ કરેલ છે તે આ કામે પણ રજૂ માની વંચાણે લેવા વિનંતી કરેલ છે. આ દલીલોમાં જણાવેલ છે કે, આ કામના આરોપીની સમગ્ર લેખિત દલીલો વંચાણે લેવામાં આવેલ તો તેમાં મુખ્યત્વે દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે ધંધાકીય સંબંધ થયેલ નથી, ફરીયાદી કંપનીમાં આરોપીનુ ખોટુ એકાઉન્ટ ઉભુ કરેલ છે, ફરીયાદીએ જે નોટીસ આપેલ છે તે કાયદેસરની નથી કારણકે તેવુ કોઈ રીઝોલ્યુશન ફરીયાદી કંપની ધ્વારા પાસ કરેલ નથી. ફરીયાદ પણ ખોટી કરેલ છે. સીકયોરીટી પેટે આપેલ ચેકોનો દુરુપયોગ કરી કાયદેસરનુ લેણુ ઉભુ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદીની એવી દલીલ કે સીકયોરીટી પેટે ચેકો અગાઉથી જમા હતા તો તે પરત લેવા આરોપીએ કોઈ કાર્યવાહી કે નોટીસ આપેલ નથી તેના જવાબમાં આરોપીએ તેમની દલીલમાં જણાવેલ છે કે તેઓએ ફરીયાદીની લીગલ નોટીસનો જવાબ આપેલ છે જે આ કામે આંક–૨૦થી રજૂ કરેલ છે તથા તે રજી.એ.ડી કર્યાની સ્લીપ આંક–૨૧થી રજૂ કરેલ છે. આમ ફરીયાદી ધ્વારા નેગો.ઈ.એકટની કલમ :–૧૩૮ ની વ્યાખ્યાના મૂળ તત્વો

સંતોષાતા ન હોઈ જેથી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવી વિનંતી કરેલ છે. આરોપીએ તેઓની લેખિત દલીલના સમર્થનમાં નીચે મુજબના વિવિધ ચુકાદાઓ રજૂ કરેલ છે જેમાં,

(૧) ૨૦૧૩(૨)ડીસીઆર ૪૨૭, કેરેલા હાઈકોર્ટ, મેસર્સ અશ્વીન પેપર્સ વિ. બી.જી.કલાથીલ

(૨) ૨૦૧૦(૧) જીએલએચ ૨૭૧, એસ.સી.જોષી વિ. સ્ટેટ ઓફ ગુજરાત

(૩) એઆઈઆર ૨૦૦૮ સુપ્રિમ કોર્ટ, ૧૩૨૫ ક્રિષ્ના જનાર્દન ભટ્ટ વિ. દત્તાત્રેય હેગડે

(૪) ૨૦૦૮(૧)જીએલએચ ૩૬૨, કે. પ્રકાશન વિ. પી.કે. સુરેન્દ્રન

(૫) ૨૦૧૨ (૦) જીએલએચઈએલ–એચ.સી. ૨૨૬૮૨૨, ભરૂચ નાગરીક સહકારી બેંક લી. વિ. કિરીટભાઈ મેઘાજીભાઈ પટેલ

(૬) એઆઈઆર ૨૦૦૯, સુપ્રિમ કોર્ટ ૧૫૧૮, મેસર્સ કુમાર એક્ષપોર્ટ વિ. મેસર્સ શર્મા કારર્પેટ

(૭) લોઝ(જીજેએચ)૨૦૧૨ ૪ ૩૧૧, હાઈકોર્ટ ઓફ ગુજરાત, રાકેશ કુમાર સી. પટેલ વિ. આલુભાઈ ઉદેસિંહ સીસોદીયા

(૮) એઆઈઆર ૨૦૦૬ સુપ્રિમ કોર્ટ ૩૩૬૬(૧), એમ.એસ.નારાયણ મેનન વિ. સ્ટેટ ઓફ કેરેલા

(૯) લોઝ (એસસી) ૨૦૧૩ ૨ ૨૧, સુપ્રિમ કોર્ટ ઈન્ડીયા, વિજય વિ. લક્ષ્મણ

(૧૦) ૨૦૧૬(૧) ડીસીઆર ૬૨૯, કેરેલા હાઈકોર્ટ, મીની મોહન વિ. કે.એસ.કોચુમોન

(૧૧) ૨૦૧૫(૩) ડીસીઆર ૧૧૦, પંજાબ એન્ડ હરીયાણા હાઈકોર્ટ, બલબીરસિંહ સિંહ વિ.રાજક્રિષ્ન

(૧૨) લોઝ(બોમ્બે)૨૦૧૫ ૧૧ ૬૮, હાઈકોર્ટ ઓફ બોમ્બે, ધી કાગલ કો.ઓ.દુધ વ્યવસાયિક સંસ્થાન વિ. પંકજ ડાયરી પ્રોડકટસ

(૧૩) લોઝ(પંએન્ડહ) ૨૦૧૨ ૯ ૫૭, હાઈકોર્ટ ઓફ પંજાબ એન્ડ હરીયાણા, હીસાબર બેન્કમેન કો.ઓ. થ્રીફટ એન્ડ ક્રેડીટ સો.લી. વિ. ક્રિષ્ણકુમાર સન ઓફ સેવનરામ

**(૭)..** ફરીયાદીની ફરીયાદ હકીકત, ફરીયાદના કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા સદરહુ ફરીયાદના ન્યાય નિર્ણય માટે નિચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.:–

**:::–– મુદ્દાઓ ––:::**

૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના ખાતાનો ફરીયાદવાળો ચેક ફરીયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા, દેવાની ચુકવણી પેટે ફરીયાદીને આપેલ છે ?

૨) શું આરોપીએ ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

૩). શું હુ ક મ ?

(૮).. ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરતજ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે. :–

૧) નકારમાં

૨) નકારમાં

૩) આખરી હુકમ મુજબ.

**<u>// કા ર ણો //</u>**

- ***<u>મુદા નં. (૧) :–</u>***

(૯).. આ કામે આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાની ફરિયાદ દાખલ થયેલ છે. આ સંજોગોમાં ફરિયાદપક્ષ તર્ફે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ.

(૧૦).. સદરહુ કેસમાં આંક–૦૪ થી ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદીનો મૌખક પુરાવો રજુ કરેલ છે. ફરીયાદીની આરોપીના વિદવાન વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. આંક–૦૪ ના

ફરીયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેતા તથા ફરીયાદવાળા આંક–૧૧ વાળા ચેક અંગેનો આરોપીની બેન્કનો આંક–૧૨ વાળો રીર્ટન મેમો ધ્યાને લેતા આંક–૧૧ વાળો ચેક ''ફંડ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે પરત આવેલ છે. ફરીયાદવાળો આંક–૧૨ વાળો ચેક રીર્ટન આવ્યા બાબતનો ''ફંડ ઈનસફીશીયન્ટ'' નો શેરો ધ્યાને લેતા ફરીયાદવાળા આંક–૧૧ વાળા ચેકમાં આરોપીએ સહી કરેલ છે તેવુ માનવાને કારણ રહે છે. આ ઉપરાંત આંક–૧૧ વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે આરોપી તરફે કોઈ પણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવેલ નથી. આમ, સદરહુ ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો હોવાનુ રેકર્ડ પર ફલીત થાય છે. સદરહુ હકીકત ધ્યાને લેતા આંક–૧૧ વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે આરોપી તરફે કોઈ પણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવેલ નથી. આમ, સદરહુ ફરીયાદના કામમાં ફરીયાદીનો આંક–૦૪ નો મૌખિક પુરાવો ધ્યાને લેતા અને પુરાવાની મુલવણી કરતાં અને ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની ઉપરોકત મુલવણી મુજબ ફરીયાદ પક્ષ ફરીયાદવાળો આંક–૧૧ વાળા ચેક બાબતે એકઝીકયુશન એટલે કે, દસ્તાવેજ કરી આપેલ છે તે હકીકત ઉપરોકત જણાવેલ ***મંગુભાઈ મનસુખરામ પંડયા વિરૂધ્ધ પ્રાણજીવન ત્રીભોવનદાસ પુરોહીત (૧૯૯૧(૨) જી.એલ.એચ.–૬૫)*** ના ચુકાદામાં જણાવેલ હકીકત મુજબ પુરવાર કરી પોતાની પ્રાથમીક જવાબદારી પુર્ણ કરી શકેલ હોઈ ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવે છે અને ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર આવેલ છે.

**(૧૧)..** સદરહુ ફરીયાદના કામમાં ઉપર પેરેગ્રાફ નંબર ૧૦માં જણાવેલ હકીકતે ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલની ફરીયાદના કામમાં બંને પક્ષકારો દવારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નકકી કરવાનું રહે કે, શું આરોપી પક્ષ તેઓના ઉપરોકત પેરેગ્રાફ નંબર ૧૦ માં જણાવેલ બચાવ આધારે ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહીં?

(૧૨).. **In the matter between M/s prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH page No.365,** Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

**In the matter between Mangubhai Mansukhram pandya V/s Pranjivan Tribovandas purohit, reported in 1991(2) GLH page no.65** Hon'ble Gujrat High Court has held that, Section-118 of the N.I.Act raises a statutory presumption that,

– There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.
– Onus of proof that there was no consideration is on the defendant.
– Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

(૧૩).. **નામદાર સુપ્રિમ કોર્ટે ભારત બેરલ એન્ડ ડમ મેન્યુફેકચરીંગ કંપની વિરૂઘ્ધ અમીનચંદ પ્યારેલાલ, ૧૯૯૯ (૩) એ.સી.સી.૩૫** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે**,** "The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its nonexistence was so probable that a prudent man would,under the circumstances of the case, act upon the plea it did not exist." આ ઉપરાંત **નામદાર સુપ્રિમ કોર્ટે કે.એન. બીના વિરૂઘ્ધ મુનીયપ્પન, ૨૦૦૧ એ.આઈ.આર.સુપ્રિમ કોર્ટ ૨૮૯૫ તથા હીતેન પી. દલાલ વિરૂઘ્ધ બ્રટીન્દ્રનાથ, ૨૦૦૧(૬) એસ. સી. સી. –૧૬** ના ચુકાદમાં પ્રસ્થાપીત કરેલ છે કે**,**

Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper. આ ઉપરાંત **નામદાર સુપ્રિમ કોર્ટના કિશ્ના જનાર્દન ભાટ્ટ વિરૂધ્ધ દત્તાત્રેય જી. હેંગડે (૨૦૦૮ ક્રિમીનલ લો જનરલ ૧૧૭૨), કે. પ્રકાશન વિરૂધ્ધ પી.કે. સુરેન્દરન (૨૦૦૮(૧) એસ.સી.સી. (ક્રાઈમ્સ) ૨૦૦) તથા રંગપ્પા વિરૂધ્ધ મોહન (એ. આઈ. આર. ૨૦૧૦ સુપ્રિમ કોર્ટ ૧૮૯૮)** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

**(૧૪)..** બંને પક્ષકારો તરફેની દલીલો, આરોપી તરફેના બચાવ, બંને પક્ષકારો તરફ રજુ થયેલ ચુકાદાઓ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ પેરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહુ ફરીયાદના કામે રજુ થયલ પુરાવાની મુલવણી મુદા નં.-૧ ના ન્યાય નિર્ણય માટે કરતાં નીચે મુજબની હકીકતો ફલીત થાય છે.

**(૧૫)..** સદરહુ કેસમાં ફરીયાદીનો આંક-૦૪ નો મૌખિક પુરાવો, આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ ની જોગવાઈ અન્વયે નોંધવામાં આવેલ વધારાનું નિવેદન તથા ફરીયાદી તથા આરોપી તરફેની દલીલો ધ્યાને લેતા આરોપી ફરીયાદી સાથે ધંધાકીય વ્યવહાર થયેલ હોય જેથી એકબીજા સાથે પરિચિત હોવાની હકીકત આ કામે બિનતકરારી છે.

**(૧૬)..** સદરહુ ફરીયાદના કામે આરોપી તરફે ફરીયાદીની આંક-૦૪ની સોગંદ ઉપરની જુબાનીની જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લઈએ તો, હું ક્રિશન્ટ ઈલેકટ્રોનીકસ પ્રા.લી. ના નામથી ધંધો કરુ છું. તે કંપનીઝ એકટ હેઠળ નોંધાયેલ કંપની છે. એ વાત ખરી છે કે મે સદર નોંધણીનું પ્રમાણપત્ર કે તેની નક આ કામે રજૂ કરેલી નથી. એ વાત ખરી છે કે હું કંપનીનું મેનેજીંગ ડિરેકટર હોવા

બાબતે મે કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ કરેલ નથી. કંપનીનું મે કોઈ આર્ટીકલ ઓાફ એસોસીએશન મેમોરેન્ડમ પણ રજૂ  કરેલ નથી. મારી આ કંપની કયા પ્રકારનો ધંધો કરવા માટે સ્થપાયેલી છે તેવો કોઈ પુરાવો પણ મે આ કામે રજૂ કરેલ નથી. સદર કંપનીમાં કેટલા ડિરેકટરો દર્શાવેલા છે તે અંગેની યાદી પણ દર્શાવેલી નથી. મારી કંપનીમાં રોજબરોજના વ્યવહારો માટે કેટલા ડિરેકટરો દર્શાવેલ છે તે બાબતનુ પત્રક પણ આ કામે રજૂ કરેલ નથી. સદરહું દસ્તાવેજો રજૂ કરવા ફરિયાદી તૈયાર હોય છે.

અમારી કંપનીમાં હાલ બે ડીરેકટરો છે. એક હું પોતે અને મારો દિકરો ચિન્મય છે. એને નિશાની ૧૬/જમાં આર્ટીકલ ઓફ એસોસીએશનમાં ખાતા નં. ૫ બતાવવામાં આવે છે જેમાં ડિરેકટરનું નામ મહેન્દ્ર નરસિંહભાઈ પટેલ તથા ઉદયન મહેન્દ્રભાઈ  શાહ દર્શાવવામાં આવે છે. ઉપરોકત નામમાં પિતાા નામમાં હેમેન્દ્રની જગ્યાએ મહેન્દ્ર પ્રિન્ટ મિસ્ટેકથી લખાયેલ છે. મારી કંપની ૧૯૮૩માં સ્થપાયેલી. ત્યારથી આ જ નામ ચાલે છે. એ વાત ખરી છે કે મહેન્દ્રભાઈ એન પટેલ મારી કંપનીમાંથી રિઝાઈન થયાનો કોઈ પુરાવો રજુ કર્યો નથી. તે જરૂર પડે હું રજુ કરીશ. એ વાત ખરી છે કે  અમારી કંપની પ્રાઈવેટ લીમીટેડ હોઈ કંપની એકટ નીચેના નીતિ નિયમો પાલન કરે છે. અમારી કંપનીમાં રિઝોલ્યુશન બુક રાખવામાં આવે છે તે રિઝોલ્યુશન કંપની સેક્રેટરી તૈયાર કરે છે

તે રિઝોલ્યુશન પસાર કરવા ડાયરેકટરોની મીટીંગ થાય જેમાં એજન્ડા ઉપર ચર્ચા થાય છે અને તેના ઉપર નિર્ણય લેવાય છે. ૨૦૧૫/૨૦૧૬ માં કરાયેલ રિઝોલ્યુશન જરૂર જણાશે તો હું રજુ કરીશ. આ ફરીયાદ અંગે એપ્રિલ ૨૦૧૫માં કરાવેલ હવે હુ કહુ છું કે માર્ચ – ૨૦૧૫માં તે રિઝોલ્યુશન કરાવેલ. આ રિઝોલ્યુશન પાસ કરતા પહેલા રજીસ્ટર ઓફીસે ડિરેકટરો ભેગા થયેલા તેની તારીખ મને મોઢે યાદ નથી જેની તારીખ રિઝોલ્યુશનમાં લખેલી છે. આ ફરિયાદ કરવા અંગેના રિઝોલ્યુશન કરવા સિવાય આ તહોમતદાર સામે કોઈ કાર્યવાહી કરવા માટે અન્ય કોઈ રિઝોલ્યુશન પાસ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે તહોમતદારને નોટીસ આપવા અંગે કોઈ ઠરાવ્યુ નહીં તેવુ જણાવુ છું કે તે અંગે મને ખબર છે.

આ તહોમતદારને હું ૪–૫ વર્ષથી ઓળખુ છું. તે અમારી ઓફિસે વસ્તુ ખરીદવા આવ્યા ત્યારે ઓળખાણ થયેલ. એ સિવાય  તેઓના પરીવારજનોને કયારેય મળેલો પણ નથી.  એ વાત ખરી છે કે  અમારે તહોમતદાર સાથે આશરે ૪–૫ વર્ષથી ધંધાકીય સંબંધ છે. એ વાત ખરી છે કે હું એપલ ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડના ઓથોરાઈઝડ રીસેલર છે તે અંગે મે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કર્યો નથી અને મને તેની જરૂર લાગી નથી. મારે અને એપલ ઈન્ડીયા વચ્ચે કરાર કરવામાં આવેલો એ કરાર હું

નામદાર કોર્ટમાં રજૂ કરી શકું. અમો એપલ ઈન્ડીયા લીમીટેડનો ડીસ્ટ્રીબ્યુટર પાસેથી માલ ખરીદ કરીએ છીએ અને તેના બિલો પણ ડિસ્ટ્રીબ્યુટર આપે છે. હું ડિસ્ટ્રીબ્યુટરો પાસેથી કેટલી રકમનો માલ ખરીદુ છુ તેની મને હાલ માહિતી નથી એ હું જોઈને કહી શકું. આ માલ ખરીદવાનું કામ કંપની અને તેનો સ્ટાફ કરે છે અને માલ વેચાણનું કામ પણ એ જ રીતે કરાય છે. એ વાત ખરી છે કે એપલ કંપનીમાં કયો માલ ડિસ્ટ્રીબ્યુટર પાસેથી ખરીદીએ છીએ તેનો મોડલ નં. સીરીયલ નંબર બતાવવામાં આવેલ છે.

માલ વેચાણ સમયે સામાન્યત : બિલમાં મોડલ નં. સીરીયલ નં. લખવામાં આવે છે. હું સ્વૈચ્છાએ જણાવુ છું કે આરોપીના કહેવાથી સીરીયલ નં. નહિં પણ મોડેલ નં. લખાય છે. એ વાત ખરી છે કે આરોપીના કહેવાથી બિલમાં સીરીયલ નં. લખાયેલ નહિ. તે મને નોટીસ ફરિયાદ કે સોગંદનામામાં જણાવેલ નહિં. એ વાત ખરી છે કે મારે અને આરોપી વચ્ચે મૌખિક શરતો નકકી થયેલી. તે પ્ર માણે બિલો બનતા નથી. એ વાત ખરી નથી કે મારી સાથે મૌખિક શરત નકકી થયેલ. સાહેદને પૂછતાં જણાવેલ છે કે મારા અને આરોપી વચ્ચે મૌખિક શરતોમાં ભાવ અને પેમેન્ટ બાબતે નકકી થયેલાં. મારી કંપનીમાં આવી કોઈ શરત નકકી કરવા મારે કોઈ પરવાનગી લેવાની જરૂર નથી.

હું અમો કંપનીના હિસાબી ચોપડાઓ રાખીએ છીએ. કંપની મુજબ જરૂરી કેશબુક, લેઝર, સેલ્સ રજીસ્ટર, સ્ટોક રજીસ્ટર રાખવામાં આવે છે. અમારા ત્યાં ઈનવોઈસ ડિલીવરી ચલણ છે. જુદુ ડિલીવરી ચલણ હોતુ નથી. અમારી કંપનીમાં સીસીટીવી કેમેરા આવેલા છે તેમાં વાર્ષિક ખામી સિવાય સારી રીતે રેકોર્ડીગ થાય છે. એ વાત ખરી છે કે સદર સીસીટીવીમાં આપવા આવનારની ફુટેજ હોય છે. સામાન્યત : સિગ્નેચર લેવામાં આવે છે, ડિલીવરી કરતી વખતે અમારે ત્યાં કમ્પ્યુટરથી બિલો કાઢવામાં આવે છે. એમાં બે કોપી કોમ્પ્યુટરાઈડ કાઢવામાં આવે છે પરંતુ ગ્રાહકની માંગણી મુજબ ટ્ર કોપી કરતા અસલ, ડુપ્લીકેટ અને ત્રિપ્લીકેટ કાઢવામાં આવે છે. હવે કહુ છું કે દરેક બિલ ઉપર ઓરીજનલ, ડુપ્લીકેટ કે ત્રિપ્લીકેટ લખવુ જરૂરી નથી. અમાર બિલ ટેલીમાં બનાવાય છે અને તેમાં પ્રિન્ટ કાઢતાં પહેલા ઓરીજનલ, ડુપ્લીકેટ કે ત્રિપ્લીકેટ આપવા અંગે એકાઉન્ટન્ટ તે સિલેકટ કરતા તેના ઉપર છપાય છે. એ વાત ખરી નથી કે ઉપરોકત સંજોગોમાં અમારી કંપનીમાં બિલીંગ અંગે યુનિફોર નથી. સાહેદને પૂછતા જણાવે છે કે એકાઉન્ટન્ટને તેવો ઓપ્શન યુઝ કરવાની પરવાનગી આપી નથી.૯૦ ટકા કિસ્સામાં અસલ કે ડુપ્લીકેટ પ્રિન્ટ લખાય છે. પરંતુ કયારેક શરતચૂકથી રહી જવા પામે છે. અમારે ત્યાં રીજનરેટ કરનાર વ્યકિત માલની ડિલીવરી કરતાં નથી. ડિલીવરી કરવા માટે અલગ ડિપાર્ટમેન્ટ કે માણસો રાખવામાં આવે છે. એ વાત ખરી છે કે જેને ડિલીવરી આપવામાં આવે તેની સહી લેવામાં

આવે છે. એ સહીઓ અમારા રેકોર્ડમાં રહે છે તે સહિ બિલમાં લેવામાં આવે છે.

આરોપીએ માલની ડિલીવરી જાતે આવીને લીધી હોય અથવા અમારા દ્વારા એમની ઓફિસમાં મોકલવામાં આવે. અમારે ત્યાં ઓર્ડર ફોર્મની કોઈ પ્રથા નથી. સામાન્યત: માલની ડિલીવરી કસ્ટમરે જણાવેલ સરનામે કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે સામાન્ય રીતે જયાં ડિલીવરી અંગેનુ સરનામુ બિલમાં જણાવવામાં આવે છે. એ વાત ખરી નથી કે ઉપરોકત સંજોગોમાં માલની ડિલીવરી કયાં કરી છે તે અમારી પાસે રેકર્ડ પાછો આવે. એ વાત ખરી છે કે બિલના સરનામાની જગ્યાએ ડિલીવરી થયાનો કોઈ આધાર પુરાવો હોતો નથી. બિલમાં સહી કરાવીએ છીએ. એ વાત ખરી છે કે તહોમતદાર સાથે અમોએ કરેલા ધંધા અંગેના કોઈ બિલ રજૂ કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સ્ટેટમેન્ટમાં બિલ નં.નો ઉલ્લેખ કરાયેલો હોતો નથી.

એ વાત ખરી છે કે આરોપીને માત્ર ધંધાકીય સંબંધોના લીધે ઓખળુ છું અને આરોપી સાથે મારે કોઈ અંગત સંબંધો નથી. એ વાત ખરી છે કે આરોપી અને હું કયારેય એકબીજાના ઘરે જઈએ એવા સંબંધો નથી અને કયારેય એકબીજાના ઘરે બોલાવેલ નથી. આરોપી માલનો ઓર્ડર ટેલીફોનથી આપતા હતા. આરોપી સાથે ટેલીફોનીક વાત ઉપરાંત એસ.એમ.એસ. અને ઈ.મેઈલથી પણ સંદેશાની આપલે થતી હતી. એ વાત ખરી નથી કે મે ફરિયાદ નોટીસ કે સરતપાસમાં એસ.એમ.એસ. અને ઈ–મેઈલથી પણ સંદેશાવ્વહાર થતા હોવાનુ જણાવ્યુ નથી. એ વાત ખરી છે કે આવા કોઈ એસએમએસ કે ઈ.મેઈલ અંગેના પુરાવા મે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપી અમારે ત્યાં માલ ખરીદવા આવે તો આરોપીને ચુકવણી કરવાની થાય અને મારે આરોપીને કોઈ રકમની ચુકવણી કરવાની થાય નહીં. મેં આરોપીને કોઈ રોકડ રકમ આપેલ હોય કે ચેકથી રકમ આપી હોય તેવુ બનેલ નથી. સાહેદ જણાવે છે કે હિસાબમાં વધઘટ હોય અને રકમ આપી હોય તેવુ કદાચ બનેલુ હોય.

સવાલ : તમે આરોપીને રકમ આપી હોય તેવો પ્રસંગ બનેલ છે ?

સંદર કેસ જોતા આરોપીને રોકડ રકમ આપેલોાનો કેસ નથી જેથી આ પ્રશ્ન નામંજુર .

સવાલ : તમે જે ખાતાનો ઉતારો રજુ કર્યો છે તેમાં નોંધો કેવી રીતે પાડેલી છે ?

જવાબ : માલ લીધો હોય તેની નોંધ કરેલી હોય અને રકમ ચુકવી હોય તે જમા કરેલી હોય .

એ વાત ખરી છે કે આરોપીના ખાતે માલ લીધેલાની નોંધ કરી છે તે અંગેના કોઈ બીલ આ કામે રજુ કરેલ નથી.

સવાલ : આ ચેક પરત આવ્યો તે પહેલાં બીજા કોઈ ચેક બીન સ્વીકારાયે પરત આવેલા ?

જવાબ : ઘણાં ચેકો પરત આવેલા.

સવાલ : અગાઉ જે ચેકો પરત આવ્યા તે અંગે કોઈ નોટીસ આપી હોય અને ફરિયાદ કરી હોય તેવુ બનેલુ ?

જવાબ : તે ચેકોની રકમ આરોપીએ ચૂકવી દીધેલી.

એ વાત ખરી નથી કે આરોપીના અગાઉના જે ચેકો પરત આવ્યા તે હાલ પણ મારી પાસે છે. સાહેદ જણાવે છે કે આરોપીને પરત આપેલા.

સવાલ : આરોપીને અગાઉના ચેકો પરત આપ્યા હોય તેનો કોઈ આધાર તમારી પાસે છે ?

જવાબ : અમુક ચેક પરત આપ્યા છે અને અમુક ચેકો હાલ પણ મારી પાસે છે.

એ વાત ખરી નથી કે આરોપી માલ ખરીદે તેની સિકયુરીટી પેટે મને ચેક આપતા હતા.

એ વાત ખરી નથી કે આરોપી સાથે મૌખિક શરતો નકકી થયેલી. સાહેદ જણાવે છે કે માલ આપવાનો અને સામે પૈસા આપવાના તે સિવાય કોઈ શરતો નકકી થયેલી નથી.

એ વાત ખરી નથી કે આરોપી સાથે જે કમીશન આપવાનુ નકકી થયેલુ હોય તે કમીશન ન આપવાના કારણે આ તકરાર ઉભી થયેલી છે. એ વાત ખરી નથી કે આરોપીએ મને સિકયુરીટી પેટે આપેલ ચેકોનો મે ખોટો દુરુપયોગ કરેલો છે.

એ વાત ખરી નથી કે આરોપી પાસે મારુ કાયદેરસનુ કોઈ લેણુ નીકળતુ નથી.

એ વાત ખરી નથી કે આરોપીએ સીકયુરીટી પેટે આપેલ ચેકો મે ભરી તે ચેકોનો દુરુપયોગ કરેલો છે.

આમ, આરોપીપક્ષે ફરીયાદીની વિસ્તૃત ઉલટ તપાસ ઉપર મુજબ કરવામાં આવે છે તે જોઈએ તો આ કામે હાલનો કેસ ફરીયાદી પોતે જેઓ મેસર્સ કિશન ઈલે. નામની પેઢી ધરાવે છે અને તે પેઢીના મેનેજીંગ ડાયરેકટર ઉદયનભાઈ શાહને પ્રા.લી. કંપનીએ આપેલ આંક–૯ ની ઓથોરીટીના આધારે હાલની ફરીયાદ કરેલ છે. ફરીયાદપક્ષનો કેસ એવો છે કે આ કામના આરોપી ફરીયાદી પેઢીમાંથી એપલ કંપનીના આઈપેડ તેમજ અન્ય પ્રોડકટ રીસેલ કરવા માટે ખરીદતા હતા અને તે મુજબનો માલ ફરીયાદી પેઢીમાંથી આરોપી મેળવતા હતા. આ કામે આરોપીનો સ્પેશીફીક એવો બચાવ છે કે અમો જે માલ ખરીદતા હતા તે માલના બીલો આપવામાં આવતા હતા અને તે બીલો મુજબ અમે પૈસા ચૂકવતા હતા. આ કામે ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે અને તે સાથે તેઓએ આંક–૯ થી પોતાની કંપનીનો ઠરાવ, આંક–૧૦ થી આરોપીના ખાતાનુ રનીંગ એકાઉન્ટ કોમ્યુ. સ્ટેટમેન્ટ, આંક–૧૧ થી તકરારી અસલ ચેક , આંક–૧૨ થી રીટર્ન મેમો, આંક–૧૩ થી લીગલ નોટીસ તથા આંક–૧૪ થી રજી. કર્યાની પાવતી અને આંક–૧

પથી એકનોલેજમેન્ટ રજૂ કરેલ છે તે સિવાય ફરીયાદી તરફથી અન્ય કોઈ પુરાવો આ કામે રજૂ થયેલ નથી. આરોપી તરફથી આંક–૧૭ થી તેમનુ વિશેષ નિવેદન રજૂ થયેલ છે અને આંક–૧૯ થી સ્પાઈસ જેટ તથા જેટ એરવેઝની ટીકીટ તથા આંક–૨૦ થી કલબ મહીન્દ્રાનુ રીસોર્ટનુ શીડયુઅલ, આંક–૨૧ થી ફરીયાદીને આપેલ નોટીસનો જવાબ, આંક–૨૨થી નોટીસ રજી. એ.ડી કર્યાની સ્લીપ તથા આંક–૨૩ ફરીયાદીને નોટીસનો જવાબ બજી ગયેલાની એકનો.રજૂ કરેલ છે. આ કામે ધી નેગો.ઈ.એકટની કલમ ૧ ૩૮ મુજબ ફરીયાદીએ પોતે આરોપી પાસે કાયદેસર રીતે લેણા નીકળે છે તે રકમ પેટે આરોપીએ વાદગ્રસ્ત ચેક આપ્યો છે તે સૌ પ્રથમ પુરવાર કરવુ પડે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીની છે. ભારતીય પુરાવા ધારાની કલમ : ૬૧ મુજબ જે દસ્તાવેજો ફરીયાદમાં રજૂ કર્યા હોય તેની સાબિતી પ્રાથમિક અથવા ગૌણ પુરાવાથી સાબિત કરી શકાય. આ કામે ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક– ૧૦ વાળુ આરોપીના ખાતાનુ લેઝર એકાઉન્ટની ઝેરોક્ષ રજુ કરેલ છે અને તે આધારે ફરીયાદીની એવી રજુઆત છે કે આરોપી આ લેઝર એકાઉન્ટ મુજબ જે માલ લેતા હતા તે કોમ્પ્યુટરમાં આરોપીને જે માલ આપતા તેનો બીલ નંબર લખી અને આ લેઝર તૈયાર કરવામાં આવતુ હતુ. આ કામે ફરીયાદી તરફથી જે લેઝર રજૂ કરેલ છે તે લેઝર એ ભારતીય પુરાવા ધારાની કલમ ૬૩ મુજબ ગૌણ પુરાવો છે. આ કામે ભારતીય પુરાવા ધારાની કલમ ૬૧ થી ૬૫ જોઈએ તો .

**અત્રે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૧ જોઈએ તો ..**

**The contents of documents may be proved either by primary or by secondary evidence.**

**કલમ : ૬૨**

**Primary evidence :**

**Primary evidence means the documents itself produced for the inspection of the court.**

**Explanation 1 : Where a document is executed in several parts, each part is primary evidence of the document.**

**Where a document is executed in counterpart, each counterpart being executed by one or some of the parties only, each couterpart is primary evidence as against the parties executing it.**

**Explanation 2 : Where a number of documents are all made by one uniform process, as in the case of printing, lithography or photography, each is primary evidence of the contents of the rest; but, where they are all copies of a common original, they are not primary evidence of the contents of the original.**

**Illustration**

**A. person is shown to have been in possession of a number of placards, all printed at one time from one original. Any one of the placards is primary evidence of the contents of any other, but no one of them is primary evidence of the contents of the original.**

**કલમ : ૬૩**

**Secondary evidence**

**Secondary evidence means and includes -**

**1. certified copies given under the provision hereinafter contained;**
**2. copies made from the original by mechanical processes which in themselves ensure the accuracy of the copy and copies compared with such copies;**
**3. copies made from or compared with the original;**
**4. counterparts of documents as against the parties who did not execute them;**
**5. oral accounts of the contents of a document given by some person who has himself seen it.**

.

**Illustrations**

**a. A photograph of an original is secondary evidence of its contents, though the two have not been compared, if it is proved that the thing photographed was the original.**

**b. A copy compared with a copy of a letter made by a copying machine is**

**secondary evidence of the contents of the letter,if it is shown that the copy made by the copying machine was made from the original.**

**c. A copy transcribed from a copy, but afterwards compared with the original is secondary evidence; but the copy not so compared is not secondary evidence of the original, although the copy from which it was transcribed was compared with the original.**

**d. Neither an oral account of a copy compared with the original, nor an oral account of a photograph or machine copy of the original, is secondary evidence of the original.**

કલમ : ૬૪

**Proof of documents by primary evidence.**

**Documents must be proved by primary evidence except in the cases hereinafter mentioned.**

કલમ : ૬૫

**Cases in which secondary evidence relation to documents may be given :**

**Secondary evidence may be given of the existence, condition or contents of a documents in the following cases ..**

**a. when the original is shown or appears to be in the possession or power.**
**of the person against whom the document is sought to be proved, or**
**of any person out of reach of or not subject to, the process of the court, or**
**of any person legally bound to prodece it,**
**and when, after the notice mentioned in section 66, such person does not produce it ;**

**b. when the existence, condition or contents of the original have been proved to be admitted in writing by the person against whom it is proved or by his representative in interest;**

**c. when the original has been destroyed or lost or when the party offering evidence of its contents cannot, for any other reason not arising fom his own dafault or neglect, produce it in reasonable time.;**

**d. when the original is of such a nature as not to be easily moveable ;**

**e. when the original is a public document within the meaning of section 74;**

**f. When the original is a document of which a certified copy is permitted by this Act or by any other law in force in India, to be given in evidence**

**g. when the originals consist of numerous accounts or other documents which cannot conveniently be examined in court and the fact to be proved is the general result of the whole collection.**

આ કામે ફરીયાદી તરફથી જે આંક–૧૦ વાળુ રનીંગ બીલની ઝેરોક્ષ રજૂ કરેલ છે તે બીલ જોઈએ તો તેમાં આ મુજબનો કોઈ માલ આરોપીને મળ્યો હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ રજૂ કરી શકેલ નથી. આ કામે ફરીયાદીની આરોપી પક્ષે તે ઉ.ત. થયેલ છે તે જોઈએ તો ''એ વાત ખરી છે કે એપલ કંપનીમાં કયો માલ ડિસ્ટ્રીબ્યુટર પાસેથી ખરીદીએ છીએ તેનો મોડલ નં. સીરીયલ નંબર બતાવવામાં આવેલ છે.

માલ વેચાણ સમયે સામાન્યત : બિલમાં મોડલ નં. સીરીયલ નં. લખવામાં આવે છે. હું સ્વૈચ્છાએ જણાવુ છું કે આરોપીના કહેવાથી સીરીયલ નં. નહિં પણ મોડેલ નં. લખાય છે. એ વાત ખરી છે કે આરોપીના કહેવાથી બિલમાં સીરીયલ નં. લખાયેલ નહિ. તે મને નોટીસ ફરિયાદ કે સોગંદનામામાં જણાવેલ નહિં. એ વાત ખરી છે કે મારે અને આરોપી વચ્ચે મૌખિક શરતો નકકી થયેલી. તે પ્ર માણે બિલો બનતા નથી. એ વાત ખરી નથી કે મારી સાથે મૌખિક શરત નકકી થયેલ. સાહેદને પૂછતાં જણાવેલ છે કે મારા અને આરોપી વચ્ચે મૌખિક શરતોમાં ભાવ અને પેમેન્ટ બાબતે નકકી થયેલાં. મારી કંપનીમાં આવી કોઈ શરત નકકી કરવા મારે કોઈ પરવાનગી લેવાની જરૂર નથી.

હું અમો કંપનીના હિસાબી ચોપડાઓ રાખીએ છીએ. કંપની મુજબ જરૂરી કેશબુક, લેઝર, સેલ્સ રજીસ્ટર, સ્ટોક રજીસ્ટર રાખવામાં આવે છે. અમારા ત્યાં ઈનવોઈસ ડિલીવરી ચલણ છે. જુદુ ડિલીવરી ચલણ હોતુ નથી. અમારી કંપનીમાં સીસીટીવી કેમેરા આવેલા છે તેમાં વાર્ષિક ખામી સિવાય સારી રીતે રેકોડીંગ થાય છે. એ વાત ખરી છે કે સદર સીસીટીવીમાં આપવા આવનારની ફુટેજ હોય છે. સામાન્યત : સિગ્નેચર લેવામાં આવે છે, ડિલીવરી કરતી વખતે અમારે ત્યાં કમ્પ્યુટરથી બિલો કાઢવામાં આવે છે. એમાં બે કોપી કોમ્પ્યુટરાઈડ કાઢવામાં આવે છે પરંતુ ગ્રાહકની માંગણી મુજબ ટુ કોપી કરતા

અસલ, ડુપ્લીકેટ અને ત્રિપ્લીકેટ કાઢવામાં આવે છે. હવે કહુ છું કે દરેક બિલ ઉપર ઓરીજનલ, ડુપ્લીકેટ કે ત્રિપ્લીકેટ લખવુ જરૂરી નથી. અમાર બિલ ટેલીમાં બનાવાય છે અને તેમાં પ્રિન્ટ કાઢતાં પહેલા ઓરીજનલ, ડુપ્લીકેટ કે ત્રિપ્લીકેટ આપવા અંગે એકાઉન્ટન્ટ તે સિલેકટ કરતા તેના ઉપર છપાય છે. એ વાત ખરી નથી કે ઉપરોકત સંજોગોમાં અમારી કંપનીમાં બિલીંગ અંગે યુનિફોર નથી. સાહેદને પૂછતા જણાવે છે કે એકાઉન્ટન્ટને તેવો ઓપ્શન યુઝ કરવાની પરવાનગી આપી નથી.૯૦ ટકા કિસ્સામાં અસલ કે ડુપ્લીકેટ પ્રિન્ટ લખાય છે. પરંતુ કયારેક શરતચૂકથી રહી જવા પામે છે. અમારે ત્યાં રીજનરેટ કરનાર વ્યકિત માલની ડિલીવરી કરતાં નથી. ડિલીવરી કરવા માટે અલગ ડિપાર્ટમેન્ટ કે માણસો રાખવામાં આવે છે. એ વાત ખરી છે કે જેને ડિલીવરી આપવામાં આવે તેની સહી લેવામાં આવે છે. એ સહીઓ અમારા રેકોર્ડમાં રહે છે તે સહિ બિલમાં લેવામાં આવે છે.

આરોપીએ માલની ડિલીવરી જાતે આવીને લીધી હોય અથવા અમારા ધ્વારા એમની ઓફિસમાં મોકલવામાં આવે. અમારે ત્યાં ઓર્ડર ફોર્મની કોઈ પ્રથા નથી. સામાન્યત: માલની ડિલીવરી કસ્ટમરે જણાવેલ સરનામે કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે સામાન્ય રીતે જયાં ડિલીવરી અંગેનુ સરનામુ બિલમાં જણાવવામાં આવે છે. એ વાત ખરી નથી કે ઉપરોકત સંજોગોમાં માલની ડિલીવરી કયાં કરી છે તે અમારી પાસે રેકર્ડ પાછો આવે. એ વાત ખરી છે કે બિલના સરનામાની જગ્યાએ ડિલીવરી થયાનો કોઈ આધાર પુરાવો હોતો નથી. બિલમાં સહી કરાવીએ છીએ. એ વાત ખરી છે કે તહોમતદાર સાથે અમોએ કરેલા ધંધા અંગેના કોઈ બિલ રજૂ કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સ્ટેટમેન્ટમાં બિલ નં.નો ઉલ્લેખ કરાયેલો હોતો નથી. ''

આમ ફરીયાદીની ઉ.ત. જોઈએ તો આ કામના ફરીયાદી પોતે એક પ્રા.લી. કંપની ચલાવે છે. તેમની ઉ.ત.માં તેઓ એ વાત કબુલ કરે છે કે તેઓ તેમની કંપનીમાં તમામ પ્રકારના હિસાબી ચોપડા રાખે છે. કંપની જરૂરી મુજબ કેશબુક, લેઝર, સેલ્સ રજી., સ્ટોક રજી. રાખે છે તેમજ ઈન્વોઈસ રજી. પણ રાખવામાં આવે છે અને જે માલ તેઓ વેચાણ કરે તે અંગેનુ જે વ્યકિતને માલ આપવામાં આવે તેમની બીલમાં સહી લેવાનુ પણ ફરીયાદી ઉ.ત. દરમ્યાન કબૂલ કરે છે. આ કામે આરોપીનો એવો સ્પેશીફીક બચાવ છે કે આ કામના ફરીયાદીએ તેઓ પોતે હાજર ન હોવા છતા તેમના નામના ખોટા બીલો બનાવેલ છે અને તે માટે તેઓએ આ અદાલતમાં તેમના પુરાવામાં તેઓ તા. ૭–૩–૨૦૧૫ થી તા. ૧૭–૩–૨૦૧૫ના રોજ અમદાવાદથી કેરેલા ગયેલ તે બાબતની એર ટીકીટ આંક–૧૯ વાળી રજૂ કરેલ છે તેમજ આંક–૨૦ થી કલબ મહીન્દ્રા રીસોર્ટમાં તેઓ રોકાયેલા તે બાબતનો પુરાવો રજૂ કરેલ છે. જયારે આરોપી પોતે પોતાના પુરાવામાં ફરીયાદપક્ષના કેસમાં થોડો પણ રીબર્ટ કરતો પુરાવો આપે તો

ફરીયાદી તરફ પુરાવાનો બોજો ખસે છે. આ કામે આરોપીનો એવો સ્પેશીફીક બચાવ છે કે આંક-૧૦ વાળા જે રનીંગ લેઝર તૈયાર કરેલ છે તે મુજબના કોઈ માલ આ કામના આરોપીને મળેલ નથી. તો ફરીયાદીની પ્રાથમિક ફરજ હતી કે તેઓ પોતે પોતાની ઓફીસ પ્રા.લી. કંપની છે અને તેનો તમામ વ્યવહાર હિસાબી ચોપડાથી માંડીને કંપની એકટ મુજબ કાર્યવાહી કરે છે તો તે તમામ રેકર્ડ રજૂ કરવાની ફરીયાદીની ફરજ હતી તેમ છતાં ફરીયાદીએ આ કામે તેવો કોઈ પુરાવો આરોપીએ શંકા કરેલ હોવા છતાં આંક-૧૦ વાળા રનીંગ બીલો તથા તેવો માલ આરોપીને મળ્યા બાબતનો પુરાવો રજૂ કરી આરોપીની શંકાનુ નિમૂર્લન કરેલ નથી. જેથી ફરીયાદી પોતે કંઈક હકીકતો કોર્ટ સમક્ષ છૂપાવતા હોવાનુ ઉપરોકત ચર્ચા મુજબ માનવુ છે. જયારે આ કામે આરોપી પોતાના પુરાવામાં પોતે આ લેઝર મુજબનો કોઈ માલ લીધેલ નથી કે તેવો કોઈ માલ મંગાવેલ નથી તો ફરીયાદી પોતે પોતાનો પુરાવો આપીને આરોપીની આ બાબતનુ ખંડન કરી શકયા હોત. પરંતુ તે બાબતે તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી અને ફરીયાદીની પોતાની ફરજ છે કે તેઓએ પોતાનો કેસ પુરવાર કરવા માટે તેમની પાસે કોઈ પ્રાથમિક દસ્તાવેજી પુરાવો હોય તો તે રજૂ કરી તેને પુરવાર કરવો જોઈએ. અને જો તે પુરાવો ન હોય તો પછી તેઓએ ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૬૩ મુજબ ગૌણ પુરાવો રજુ કરવો જોઈએ. આ કામે ફરીયાદી તરફથી જે પુરાવો રજૂ કરેલ છે તે ઝેરોક્ષ નકલ છે અને તે લેઝર એકાઉન્ટ ફરીયાદી રોજબરોજની પ્રક્રિયામાં કોમ્પ્યુટર ઉપરથી આરોપીનું ખાતુ તૈયાર કરતા હોય અને તે તેમની દેખરેખ હેઠળ થતુ હોય તેવુ ભારતીય પુરાવાધારાની કલમ ૬૫-બી મુજબનુ કોઈ સર્ટીફીકેટ ફરીયાદી તરફથી રજૂ કરેલ નથી જેથી આ દસ્તાવેજ પુરવાર થઈ શકેલ નથી. હાલના ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આવો કોઈ પુરાવો રજૂ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ નથી. તેમજ ફરીયાદપક્ષનો વધુમાં એવો કેસ છે કે આંક-૧૦ વાળા ઝેરોક્ષ બીલમાં આરોપીએ એકનોલેજમેન્ટ કરી આપેલ છે. પરંતુ આવો કોઈ એકનોલેજમેન્ટ કરેલ હોય તે બાબતનો કોઈ પુરાવો ફરીયાદપક્ષ રજૂ કરી શકેલ નથી જયારે આરોપીની સૌ પ્રથમ એવી તકરાર હોય કે વાદગ્રસ્ત માલ મળ્યો નથી તો ફરીયાદી પેઢી એ કંપની છે તેને પોતાનો પુરાવો આપીને તે હકીકત પુરવાર કરવી જોઈએ પરંતુ હાલના આંક-૧૦ વાળા રનીંગ બીલ એકાઉન્ટ છે તે મુજબનો કોઈ માલ આરોપીને આપેલ હોય તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી જેથી ફરીયાદીની આ હકીકત પણ માની શકાય તેમ નથી.

આ કામે આરોપીનો એવો પણ બચાવ છે કે આ કામના આરોપીના ફરીયાદી પાસે જે સીકયોરીટી પેટે ચેક પડેલ હતા તેનો દુરુપયોગ કરેલ છે. આ કામે ફરીયાદીની ઉલટ તપાસ આરોપીપક્ષે કરવામાં આવેલ છે કે તેમાં તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે '' આરોપીના ઘણા બધા ચેકો મારી પાસે છે''. આ

કામે ફરીયાદીએ તેમની ઉલટ તપાસ દરમ્યાન આરોપી તરફથી એવો પ્રશ્ન સ્પેસીફીક પૂછેલ છે કે આરોપી સાથે કે તેમના ફેમીલી સાથે મારે કોઈ અંગત સંબંધ નથી, આરોપીને હુ કયોરય એકબીજાના ઘરે ગયેલા નથી. આ કામે આરોપી તરફથી પોતાના બચાવમાં એક નોટીસ રજૂ કરવામાં આવેલ છે. આંક–૨૧ વાળી નોટીસ જોઈએ તો તે નોટીસમાં હાલના ફરીયાદીએ આરોપી, આરોપીના પિતા તથા આરોપીની માતા સામે ચેક રીટર્નની એક નોટીસ આપેલી તેનો આરોપી તરફથી જવાબ આપેલ છે. એ નોટીસનો જવાબ જોઈએ તો તેમાં પણ ફરીયાદીએ એવુ જ ણાવેલ છે કે તેમને આ કામના આરોપી પાસેથી રૂા. ૭૧,૯૩,૫૬૬/ બાકી નીકળે છે અને તેનો હિસાબ કરેલો તેવુ જણાવે છે પરંતુ આ કામે આરોપી તરફથી જયારે ઉલટ તપાસમાં ફરીયાદીને ઉપરોકત આરોપીના કુટુંબજનો બાબતે પુછતા તેઓ તેમની સાથે કોઈ વ્યવહાર ન હોવાનુ જણાવે છે પરંતુ આ કામે આરોપી તરફથી જે બચાવ લેવામાં આવેલ છે તે જોતા હાલના ફરીયાદીએ આ કામના આરોપીના કુટુંબીજનો, માતા–પિતા સામે આ જ લેણા બાબતની ફોજદારી ફરીયાદ ક્રિ.કેસ નં. ૭૪૭/૨૦૧૬ દાખલ કરેલ છે જે ફરીયાદ આ કોર્ટમાં પેન્ડીંગ છે. આમ ફરીયાદી પોતે નામદાર કોર્ટ સમક્ષ કંઈક હકીકતો છૂપાવતા હોવાનુ તેમના પુરાવા દરમ્યાન જણાઈ આવે છે. આરોપી અને ફરીયાદી વચ્ચે ધંધાકીય વ્યવહાર થયેલાનુ બિનતકરારી છે. આ કામે રજૂ થયેલ આંક–૯ વાળો ઓથોરીટી લેટર જોતા કાયદેસર રીતે હાલના ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ફરીયાદ મુજબના તકરારી વ્યવહાર અને તે પેટે આપેલ તકરારી ચેક રીટર્ન થતા હાલની ફરીયાદ દાખલ કરેલી છે. આ કામે આરોપીએ એવો બચાવ લીધેલ છે કે તેઓ જે માલ ફરીયાદી પાસેથી ખરીદ કરેલ તેના ૫ ટકા કમીશન તેમને આપવાનુ ફરીયાદી સાથે મૌખિક રીતે નકકી થયેલ છે જેથી ફરીયાદપક્ષના વ્યવહાર ઉપર આરોપીએ શંકા ઉભી કરેલ છે તેમજ આરોપી તરફથ વધુમાં એવો બચાવ છે કે ફરીયાદીએ તેમને રૂપિયા ૬,૫૦,૦૦૦/ આરટીજીએસથી ચૂકવેલા છે તેમજ ૧ ,૫૦,૦૦૦/ બીજા ચૂકવેલ છે તો આ રકમ બાબતે ફરીયાદી કોઈ ખુલાસો કરતા નથી. આરોપીનુ કથન એવુ છે કે આ રકમ ફરીયાદીએ એટલે આપેલી કે ફરીયાદી કંપનીમાં આરોપી પોતે માલ લઈને દલાલીથી તે માલ વેચતો હતો અને તે પેટે તેને કમીશન મળતુ હતુ અને તે પેટે ફરીયાદીએ તેને રકમ ચૂકવેલ છે તેવુ જણાવેલ છે. આ હકીકત ખોટી હોવા બાબતે ફરીયાદી તરફથી કોઈ પુરાવો આ અદાલત સમક્ષ રજૂ કરેલ નથી. આરોપી ફરીયાદી કંપનીમાં દલાલ હોવા બાબતનો કોઈ પુરાવો ફરીયાદી રજૂ કરી શકેલ નથી.

આ કામે આરોપીએ એવો પણ બચાવ લીધેલ છે કે તેમના સીકયોરીટી પેટે પડી રહેલ ચેકોનો

ફરીયાદી ધ્વારા દુરુપયોગ કરવામાં આવેલ છે એ માનવાને કારણ રહે છે કે કારણકે ફરીયાદી તેમના ફરીયાદ મુજબના બીલો રજૂ કરી પુરવાર કરી શકેલ નથી. કોઈ સાહેદને તપાસી તેવો ધંધાકીય વ્યવહાર થયેલાનુ અને કાયદેસરનુ લેણુ બાકી હોવાનુ અને તે પેટે તકરારી ચેક આપેલાનુ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીનો આવો બચાવ માનવાને કારણ રહે છે.

આ કામે આરોપીએ એવો બચાવ લીધેલ છે કે તેઓએ માલનો ઓર્ડર રૂબરૂમાં આપેલ નથી અને હાલનો જે વ્યવહાર છે તે દરમ્યાન આરોપી પોતે બહાર હતા. આ કામે ફરીયાદીની ઉલટ તપાસ આરોપીપક્ષે વિગતવાર કરવામાં આવેલ છે તે જોતાં ફરીયાદીએ ઉલટ તપાસમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે '' આરોપી માલનો ઓર્ડર ટેલીફોનથી આપતા હતા. આરોપી સાથે ટેલીફોનિક વાત ઉપરાંત એસ.એમ.એસ. અને ઈ.મેલથી પણ સંદેશની આપલે થતી હતી. '' આ કામે આરોપીને ફરીયાદીએ માલ આપ્યો હોય અને તે માલ આરોપીએ મંગાવેલ ન હોય અને તેવો માલ પરત કરેલ હોય તેવો કોઈ બચાવ આરોપીએ લીધેલ હોય અને તેને પુરવાર કરેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ આંક-૧૦ નું લેઝર એકાઉન્ટ જોતા આ કામે ફરીયાદીએ આરોપીને ધંધાકીય માલ ફરીયાદ મુજબનો વેચેલ હોય અને તેના ચૂકવણા પેટે આરોપી પાસેથી ફરીયાદીને રૂપિયા ૭૧,૯૩,૫૬૬/- લેવાના કાયદેસરના નીકળતા હોય તે બાબત સ્પષ્ટ રીતે જણાઈ આવે છે પરંતુ આ લેઝર એકાઉન્ટ ફરીયાદી તરફથી તેમના કોમ્પ્યુટરમાંથી કાઢવામાં આવેલ છે. પરંતુ આવા કોઈ કાયદેસરના બીલો મુજબનો વ્યવહારની એન્ટ્રી આ લેઝર એકાઉન્ટમાં હોય તેવુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ ઉપર ચર્ચા કરી તે મુજબ નિષ્ફળ ગયેલ છે.

વધુમાં આ કામે આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા પેટે આપેલ તકરારી ચેક રીટર્ન થતા ફરીયાદીએ કાયદેસરની નોટીસ વિ.વ.શ્રી મારફતે આરોપીને આપેલ હોવાનુ આરોપીએ કબૂલ રાખેલ છે. આ નોટીસની તારીખ જોતા નિયત સમયમર્યાદામાં આ નોટીસ આરોપીને આપેલ હોવાનુ અને તે આંક-૧૩ વાળી નોટીસ આરોપીને રજી.એ.ડી. ધ્વારા મોકલાવેલાનુ અને બજી ગયેલાનુ આંક-૧૪ અને આંક-૧૫ ના દસ્તાવેજી પુરાવા ઉપરથી સ્પષ્ટ રીતે ફલિત થાય છે. આમ ફરીયાદ મુજબના તકરારી ચેકની રકમ આરોપી પાસેથી લેવાની નીકળતી ન હોઈ તેમ છતાં સીકયોરીટી પેટે પડી

રહેલ ચેકનો દુરુપયોગ કરી ફરીયાદીએ તેને રીટર્ન કરાવેલ હોવાની હકીકત માનવાને કારણ રહે છે.

વધુમાં આ કામે આરોપીએ તેમના બચાવના સમર્થનમાં વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ રજૂ કરેલ છે જેમાં, ૨૦૧૩(૨)ડીસીઆર ૪૨૭, કેરેલા હાઈકોર્ટ, મેસર્સ અશ્વીન પેપર્સ વિ. બી.જી.કલાથીલ, ૨૦૧૦(૧) જીએલએચ ૨૭૧, એસ.સી.જોષી વિ. સ્ટેટ ઓફ ગુજરાત, એઆઈઆર ૨૦૦૮ સુપ્રિમ કોર્ટ, ૧૩૨૫ ક્રિષ્ના જનાર્દન ભટ્ટ વિ. દત્તાત્રેય હેગડે, ૨૦૦૮(૧)જીએલએચ ૩૬૨, કે. પ્રકાશન વિ. પી.કે. સુરેન્દ્રન, ૨૦૧૨ (૦) જીએલએચઈએલ–એચ.સી. ૨૨૬૮૨૨, ભરૂચ નાગરીક સહકારી બેંક લી. વિ. કિરીટભાઈ મેઘાજીભાઈ પટેલ, એઆઈઆર ૨૦૦૯, સુપ્રિમ કોર્ટ ૧૫૧૮, મેસર્સ કુમાર એક્ષપોર્ટ વિ. મેસર્સ શર્મા કારર્પેટ, લોઝ(જીજેએચ)૨૦૧૨ ૪ ૩૧૧, હાઈકોર્ટ ઓફ ગુજરાત, રાકેશ કુમાર સી. પટેલ વિ. આલુભાઈ ઉદેસિંહ સીસોદીયા, એઆઈઆર ૨૦૦૬ સુપ્રિમ કોર્ટ ૩૩૬૬(૧), એમ.એસ.નારાયણ મેનન વિ. સ્ટેટ ઓફ કેરેલા,લોઝ (એસસી) ૨૦૧૩ ૨ ૨૧, સુપ્રિમ કોર્ટ ઈન્ડીયા, વિજય વિ. લક્ષ્મણ,૨૦૧૬(૧) ડીસીઆર ૬૨૯, કેરેલા હાઈકોર્ટ, મીની મોહન વિ. કે.એસ.કોચુમોન, ૨૦૧૫(૩) ડીસીઆર ૧૧૦, પંજાબ એન્ડ હરીયાણા હાઈકોર્ટ, બલબીરસિંહ સિંહ વિ.રાજક્રિષ્ન, લોઝ(બોમ્બે)૨૦૧૫ ૧૧ ૬૮, હાઈકોર્ટ ઓફ બોમ્બે, ધી કાગલ કો.ઓ.દુધ વ્યવસાયિક સંસ્થાન વિ. પંકજ ડાયરી પ્રોડકટસ, લોઝ(પંએન્ડહ) ૨૦૧૨ ૯ ૫૭, હાઈકોર્ટ ઓફ પંજાબ એન્ડ હરીયાણા, હીસાબર બેન્કમેન કો.ઓ. થ્રીફટ એન્ડ ક્રેડીટ સો.લી. વિ. ક્રિષ્ણકુમાર સન ઓફ સેવનરામનો ચુકાદાઓ રજૂ કરેલ છે જે આ અદાલતે માનસહ વંચાણે લીધા. પરંતુ ઉપરોકત ચુકાદાઓ વંચાણે લેતાં તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો હાલના કેસમાં લાગુ પાડી શકાય તેમ આ ચુકાદાઓ આરોપીપક્ષને મદદકર્તા છે. આમ ફરીયાદપક્ષ પોતાનુ કાયદેસરનુ લેણુ આરોપી પાસેથી નીકળતુ હોવાનુ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોવાનુ ઉપરોકત ચર્ચાને અંતે મારુ સ્પષ્ટપણે માનવુ છે.

નેગો.ઈ.એકટની જોગવાઈઓ મુજબ જો આરોપી તેઓ નિભાવતા હોય તેવા બેન્ક ખાતાનો ચેક પોતાની સહી કરીને કોઈને આપે તો તેવા સંજોગોમાં નેગો.ઈ.એકટની કેસમાં કલમ ૧૩૯ અને ૧૧૮ નું પ્રિઝમ્પશન ફરીયાદપક્ષે કરવામાં આવેલ છે. આ અનુમાન ખંડનાત્મક અનુમાન છે. જો આરોપી ફરીયાદપક્ષના રજૂ થયેલ પુરાવામાં શંકા ઉભી કરીને તેનુ ખંડન કરી શકે છે. જો આવુ ખંડન કરવામાં આરોપીપક્ષ સફળ રહે તો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર ખસે છે. હાલના કામે આરોપી ફરીયાદપક્ષના પુરાવામાં શંકા ઉભી કરેલ શકેલ હોવાનુ ઉપરોકત તમામ ચર્ચાને અંતે મારુ માનવુ છે.

આમ, આરોપી તરફથી ફરીયાદીની ઉલટ તપાસ વખતે ઉપર જણાવ્યા મુજબ જે જે બચાવો લેવામાં આવેલ છે તે બચાવો યોગ્ય, વ્યાજબી કે ન્યાયીક છે.

(૧૬).. વધુમાં ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૯ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ જયાં સુધી વિરૂધ્ધ ની હકીકતો સાબીત ન થાય ત્યાં સુધી ફરીયાદીના લાભમાં અનુમાન કરવાનું રહે છે. ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૯ માં કરવામાં આવેલ જોવગાઈઓ મુજબ વિરુધ્ધનો પુરાવો એટલે કે ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી એટલે કે ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ– ૧૧૮ માં કરવામાં આવેલ કાયદાકીય અનુમાન (સ્ટેચ્યુટરી પ્રીઝમ્પસન) થી વિરૂધ્ધ ની હકીકત સાબીત કરવાની જવાબદારી આરોપી ઉપર રહેલ છે. એટલે કે વણચુકવેલ પરત આવેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટેનો ન હતો તે પુરવાર કરવાનો બોજો ચેક લખી આપનાર (આરોપી) ઉપર રહે છે. હાલના કામે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત તમામ વાદગ્રસ્ત ચેકો આરોપીએ કાયદેસરના લેણાંની ચુકવણી પેટે આપેલ હોવાનું દર્શાવતો કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૧૭).. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનુ 2018 LawSuit (Guj) 130, Prakashkumar Girdharlal Thakkar V/s State of Gujarat ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે,

> [2] The court relying on the decision of the Apex Court in the case of M/s. Kumar Exports V. M/s Sharma Carpets, 2009 AIR(SC) 1518, noticed that once there is no proof of the amount lent, reasonable and legally enforceable debt does not get proved. Moreover, a legal presumption under sections 118 and 139 available under the N.I.Act have been duly rebutted by the respondent accused. Accordingly, it had held that the Court may not depend on mere filing of an application under section 138 of the N.I.Act and invoked presumption under section 139 of the N.I.Act as that may lead to injustice or mistaken conviction.

આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનુ 2012 LawSuit(Guj) 1851, Geetben Rajeshbhai Chanawala V/s Manharlal Amratlal Shroffa Partnership ના ચુકાદામાં

એવુ ઠરાવેલ છે કે,

[11] It is settled proposition that when an accused has to rebut the presumption under section 139 of the Act, the standard of proof for doing so is that of "preponderance of probabilities". Therefore, if the accused is able to raise a probable defence, which creates doubt about the existence of a legally recoverable debt or liability, the prosecution can fail. It is not necessary that in order to rebut the presumption, accused is required to step into witness box or lead evidence. The accused can rely upon on the materials submitted by the complainant in order to raise such defence. It is settled proposition that presumption raised in favour of holder of a cueque does not extend to the extent that the cheque issued for discharge of any debt or liability, which is required to be proved by the complainant. If the accused is able to rebut the presumption and able to raise a probable defence that there was no existence of legally recoverable debt or liability and the cueque was not given towards discharge of such cheque or liability, the burden shifts on the complainant to prove that cheque was given towards discharge of legally recoverable debt or liability. In the present case, as observed earlier, except bare words, there is no convincing and cogent evidence to indicate that the amount of L 4 lacs in cash was advanced to the accused. The complainant in her cross examination, admitted that she used to take cheques from the accused in the name of other persons. Therefore, a possibility of misuse of cheque cannot be ruled out. The cross examination of prosecution witnesses raises serious doubts about the fact of advance of the amount to the accused. The accused was able to raise a probable defence that there was no existence of legally recoverable debt. The complainant failed to discharge the burden shifted on him. Therefore, the trial Court was justified in acquitting the accused.

આ કામે નામદાર સુપ્રિમ કોર્ટના 2016 LawSuit (SC) 891, Sampelly Satyanarayana Rao V/s Indian Renewable Energy Development Agency

Limited ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે,

[18] In Rangappa Versus Sri Mohan, 2010 11 SCC 441 this court held that once issuance of a cheque and signature thereon are admitted, presumption of a leggally enforceable debt in favour of the holder of the cueque arises. it is for the accused to rebut the said presumption, though accused need not adduce his own evidence and can rely upon the material submitted by the complainant. However, mere statement of the accused may not be sufficient to rebut the said presumption. A post dated cheque is a well recognized mode of payment Goaplast (P) Ltd. Versus Chico Ursula D Souza 2003 3 SCC 232.

તેમજ આ કામે આરોપીપક્ષ તરફથી રજુ થયેલ 2008 LawSuit(SC) 1846, Kumar Exports V/s Sharma Carpets ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે,

[12] The defence of the appellant was that he had agreed to purchase woolen carpets from the respondent and had issued the cueques by way of advance and that the respondent did not supply the carpets. It is the specific case of the respondent that he had sold woolen carpets to the appellant on 6.8.1994 and in discharge of the said liability the appellant had issued two cheques, which were ultimately dishonoured. In support of his case the respondent produced the carbon copy of the bill. A perusal of the bill makes it evident that there is no endorsement made by the respondent accepting the correctness of the contents of the bill. The bill is neither signed by the appellant. On the contrary, the appellant examined one official from the sales Tax Department, who positively asserted before the Court that the respondent had filed sales tax return for the Assessment Year 1994-95 dicating that no sale of woolen carpets had taken place during the said assessment Year and, therefore, sales tax was not paid. The said witness also produced the affidavit sworn by the respondent indicating that during

the year 1994-95 there was no sale of woolen carpets by the respondent. Though the complainant was given sufficient opportunity to cross-examine the said witness, nothing could be elicited during his cross-examination so as to create doubt about his assertion that no transaction of sale of woolen carpets was effected by the respondent during the year 1994-95. Once the testimony of the official of the Sales Tax Department is accepted, it becomes evident that no transaction of sale of woolen carpets had taken place between the respondent and the appellant, as alleged by the respondent. When sale of woolen carpets had not taken place, there was no existing debt in discharge of which, the appellant was expected to issue cheques to the respondent. Thus the accused has discharged the onus of proving that the cheques were not received by the holder for discharge of a debt or liability. Under the circumstances the defence of the appellant that blank cheques were obtained by the respondent as advance payment also becomes probable and the onus of burden would shift on the complainant. The complainant did not produce any books of account or stock register maintained by him in the course of his regular business or any acknowledgement for delivery of goods, to establish that as a matter of fact wooled carpets were sold by him to the appellant on August 6, 1994 for a sum of Rs. 1,90,348.39. Having regard to the materials on record, this Court is of the opinion that the respondent failed to establish his case under Section 138 of the Act as required by law and, therefore, the impugned judgement of the High Court is liable to be set aside.

આમ ઉપરોકત તમામ ચુકાદાઓ જોતા આરોપીએ પોતે ફરીયાદી પાસેથી કોઈ માલ ખરીદેલ હોય તો ફરીયાદી તે અંગેના બીલો અને તેનુ સ્ટોક રજીસ્ટર વિગેરે રજૂ કરી આરોપીના પુરાવાનુ ખંડન કરી શકયા હોત. પરંતુ ફરીયાદી તરફથી આરોપીના આવા પુરાવાનુ ખંડન કરતો કોઈ પુરાવો રજૂ કરી શકેલ નથી. જેથી ફરીયાદીએ આરોપીનો વાદગ્રસ્ત ચેક ફરીયાદીને કોઈ કાયદેસરના લેણા ચૂકવવા આપેલ હોય તેવુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ ઉપરોકત તમામ ચર્ચાને આધારે નિષ્ફળ ગયેલ હોવાનુ મારુ નમ્રપણે માનવુ છે.

(૧૮).. વધુમાં હાલના કામે રજુ થયેલ તમામ પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરતાં, જયારે ફરીયાદી પોતેજ તેમની સોગંદ પરની જુબાનીમાં આરોપી સાથે ફરીયાદમાં જણાવ્યાં મુજબ હાલનો વાદગ્રસ્ત ચેક આ કામના ફરીયાદીને હાલના વ્યવહાર પેટે આપેલ હોય તેવુ પુરવાર થતુ નથી તેમજ તે અંગેનો કોઈ પુરાવો પણ ફરીયાદી રજુ કરી શકેલ નથી. નામ. સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા **૨૦૦૮ (૧) જી. એલ. એચ. ૩૬૨, કે. પ્રકાશન વિરૂધ્ધ પી. કે. સુદર્શનના** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આરોપીએ તેના પરનો બોજો દુર કરવા પુરાવામાં જુબાની આપવી જ જોઈએ તેવુ જરૂરી નથી, ધી. નેગો. ઈન્સ્ટ્રુ. એકટ ની કલમ–૧૩૯ માં કરવામા આવેલ જોગવાઈ મુજબ ખંડનાત્મક પુરાવો, માત્ર પુરાવો રજુ કરવાથી જ પુરવાર થતો નથી પણ શકયતાની પ્રબળતા તેમજ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ સંજોગોને ઘ્યાને રાખીને પણ અનુમાન કરી શકાય તેમ છે. આરોપી ઉપર પુરાવાનો બોજો ફરીયાદી જેટલો વધારે નથી તે સિધ્ધાંતને ઘ્યાને રાખી ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ ઘ્યાને લેતાં, ચેક સમગ્ર રીતે અથવા અંશત: રીતે કોઈપણ દેવુ કે જવાબદારી અદા કરવા આપવામાં આવેલ હોય, અને તેવુ દેવુ અથવા અન્ય કોઈપણ જવાબદારી જેને કાયદેસર રીતે અમલ કરાવી શકાય તે મુજબની હકીકત પુરવાર કરવાની પ્રાથમીક જવાબદારી ફરીયાદીની હોય છે.

(૧૯).. વધુમાં ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબ કોઈ ભવિષ્યની જવાબદારીના સંબંધમાં ઈસ્યુ થયેલા ચેકનું અનાદર ચેક ઈસ્યુ કર્યા ની તારીખે અસ્તિત્વ ધરાવતું નથી. આમ રેકર્ડ પરનો તમામ પુરાવો ઘ્યાને લેતાં, આ કામના આરોપીએ ફરીયાદીને તેમના કાયદેસરના લેણાં પેટે તકરારી ચેક આપેલ હોવાનું પુરવાર થતુ નથી. ધી. નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબ આરોપીએ આપેલ ચેક કાયદેસરના લેણાં કે જવાબદારી પેટે આપેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શીરે રહે છે. આમ, તકરારી ચેક આરોપીએ ફરીયાદીને તેમના કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને લેતાં, આરોપી પાસેકોઈ કાયદેસરનું લેણુ બાકી હોય અને જે પેટે આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવાની જવાબદારી પેટે કોઈ ચેક લખી આપેલ હોય તેવુ પુરવાર થતુ નથી. આમ હાલના કામે રેકર્ડ પર આવેલ તમામ પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરતાં ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૩ માં કરવામાં આવેલ ''**સાબીતી**''ની વ્યાખ્યા ઘ્યાને લેતાં, આ કામના આરોપીએ ફરીયાદીને તેમની કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે કોઈ ચેક લખી આપેલ હોવાનું પુરવાર થતુ નથી.

(૨૦).. આમ,હાલના કામે આંક–૧૧ થી રજુ ચેક આરોપીએ ફરીયાદીને કોઈ દેવા કે જવાબદારી પેટે આપેલ હોવાનું પુરવાર થતુ નથી. ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈનું પાલન પરીપુર્ણ થયેથી અથવા ઉપરોકત જોગવાઈનું પાલન કરવામાં આવેલાની હકીકત પુરવાર થયેથી ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૯ મુજબનુ આરોપી વિરૂધ્ધનું અનુમાન અદાલત ધ્વારા કરવાનુ હોય છે, પરંતુ અદાલતનુ સમગ્ર રેકર્ડ તથા પડેલ પુરાવો વંચાણે લેતા આ અદાલતના મંતવ્ય મુજબ તથા ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ માં જણાવવામાં આવેલ જોગવાઈઓ મુજબની હકીકતો એટલે કે આરોપી ધ્વારા આપવામાં આવેલ આંક–૧૧ વાળો ચેક કાયદેસરના દેવા અથવા જવાબદારી પેટે લખાયેલ છે તે હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી તેમજ આરોપી તરફથી રજુ થયેલ **નામદાર સુપ્રિમ કોર્ટના રંગપ્પા વિ. મોહન**ના ચુકાદામાં જણાવ્યા મુજબ,

7. In light of these extracts, we are in agreement with the respondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial

transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

*Coming back to the facts in the present case, we are in agreement with the High Court's view that the accused did not raise a probable defence. As noted earlier, the defence of the loss of a blank cheque was taken up belatedly and the accused had mentioned a different date in the 'stop payment' instructions to his bank. Furthermore, the instructions to 'stop payment' had not even mentioned that the cheque had been lost. A perusal of the trial record also shows that the accused appeared to be aware of the fact that the cheque was with the complainant. Furthermore, the very fact that the accused had failed to reply to the statutory notice under Section 138 of the Act leads to the inference that there was merit in the complainant's version. Apart from not raising a probable defence, the appellant-accused was not able to contest the existence of a legally enforceable debt or liability. The fact that the accused had made regular payments to the complainant in relation to the construction of his house does not preclude the possibility of the complainant having spent his own money for the same purpose. As per the record of the case, there was a slight discrepancy in the complainant's version, in so far as it was not clear whether the accused had asked for a hand loan to meet the construction-related*

*expenses or whether the complainant had incurred the said expenditure over a period of time. Either way, the complaint discloses the prima facie existence of a legally enforceable debt or liability since the complainant has maintained that his money was used for the construction-expenses. Since the accused did admit that the signature on the cheque was his, the statutory presumption comes into play and the same has not been rebutted even with regard to the materials submitted by the complainant.*

આમ, આરોપી તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે જોતા આ ઉપરોકત ચુકાદો આરોપીપક્ષને મદદરૂપ થાય છે તેવુ રેકર્ડ પરથી જણાઈ આવતુ હોય તેમજ આરોપી તરફથી જે બચાવ લેવામાં આવેલ છે તે બચાવ પણ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ ના પ્રિઝમ્પશનો છે તે આરોપીપક્ષ દવારા સફળ રીતે રીબર્ટ કરવામાં આવેલ હોય જેથી મુદ્દા નં.–(૧) અને (ર) નો જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં.– (૩) પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

**૧)..** ક્રિમીનલ કેસ નંબર ૩ર૦૦૬૮૩/ર૦૧પ ના કામના આરોપી **સ્વપનીલ ભરતભાઈ શાહ,**ઉ.વ.આ. પુખ્ત, ધંધો : વેપાર,રહે. ૧૧, ગોકુલ સોસાયટી, શ્યામલ રો હાઉસ પાસે, સેટેલાઈટ, અમદાવાદ – ૧પઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની **કલમ–રપપ(૧)** અન્વયે ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુ મેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

**ર)..** આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવા સારૂ રૂા. ૧૦,૦૦૦/– ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાના રહેશે.

આ હુકમ આજરોજ તારીખ :ર૩મી, માંહે : ઓકટોબર, સને : ર૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ર૩/૧૦/ર૦૧૮
સ્થળ : અમદાવાદ.

**(બરકતખાન એચ. ઘાસુરા)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
નેગો.ઈ.એકટની કોર્ટ નં. ૩ર,
અમદાવાદ.
**U.I.C. NO. GJ00983**